નોવેલ કોરોના વાઇરસ (COVID.19)ના સંક્રમણના કારણે કામ પર ગેરહાજર અસંગઠિત શ્રમયોગીને છૂટા ન કરવા / પગાર ન કાપવા બાબત

શ્રમ આયુક્તની કચેરી

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંક: શ્ર.આ.૮/કોરોના/ ૬૧૦/૨૦૨૦

તા. ૨૨.03.૨૦૨૦

:પરિપત્રઃ

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઇરસ (COVID.19) સંબંધમાં ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા નાગરિકોએ લેવાની થતી તકેદારીઓ અન્વયે માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરેલ છે. જે મુજબ સરકારશ્રી દ્વારા નાગરિકોને શક્ય હોય તો લોક સંપર્ક ટાળવાની સલાહ આપવામાં આવેલ છે. આ બાબત ધ્યાને લઇ મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી અને શહેરી વિસ્તારમાં અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં શ્રમયોગીઓ જેવાં કે, ઘરકામ કરતાં, ઘરમાં રસોઈયા તરીકે કામ કરતાં, ઘરમાં સફાઈ કામ કરતાં, હાઉસકીપરની કામગીરી કરતાં વગેરે જેવાં શ્રમયોગીઓને તા. ૩૧/03/૨૦૨૦ સુધી સ્વૈચ્છિક રજા આપવા તથા તે સમયગાળાનો પગાર પણ આપવા અનુરોધ છે. આ ઉપરાંત સર્વન્ટ ક્વાર્ટરમાં રહી કામ કરતાં શ્રમયોગીઓ પાસે કામ કરાવી શકાય છે પરંતુ આ શ્રમયોગીઓ બને ત્યાં સુધીક્વાર્ટરની બહાર ન જાય અને અન્ય વ્યક્તિના સંપર્કમાં ન આવે તેની કાળજી રાખવી જેથી આ મહામારીનો ફેલાવો અટકાવી શકાય.

જો કોઇ શ્રમયોગી કોરોના વાઇરસથી અસરગ્રસ્ત થયેલ હોય કે અસરગ્રસ્ત હોવા અંગેના શંકાસ્પદ વ્યક્તિ તરીકે Identify થયેલ હોય કે આ મહામારી સંલગ્ન અન્ય કારણોસર જો તા.૩૧/03/૨૦૨૦ સુધી ગેરહાજર રહે તો તેઓ નોકરી/કામ પર હાજર છે તેમ ગણવા તથા તેઓના પગારમાંથી કોઇ કપાત ન કરવા કે તેઓને છૂટા ન કરવા. આમ કરી રાજ્યમાં અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં શ્રમયોગીઓને આર્થિક તેમજ નૈતિક ટેકો આપીને શ્રમયોગીઓ તથા તેમના પરિવારજનોને કટોકટીના સમયમાં સહાય કરવાની સામાજિક જવાબદારી નિભાવવા કટિબદ્ધ થઇએ.

શ્રમ નિયામક

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

Scanned with CamScanner